૧૧૫૬

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં મોજે–ઉધના, રે.સ.નં. ૪૨+૪૩, સત્યનગર ખાતે બ્લોક નં.૩, સુરત નવસારી મેઈન રોડ, ૩૦૦ ચો.ફુટમાં સ્ટીલ ફેબ્રિકેશનનું ટેમ્પરરી સ્ટ્રકચરનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૧૫૭

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મ જયંતિ અંતર્ગત " **સ્વચ્છ ભારત અભિયાન** " અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમ/પ્રવૃતિઓની અમલવારી અંતર્ગત તા.૧૯/૦૯/૧૬ તથા તા.૨૦/૦૯/૧૬ ના રોજ પ્રવાસન સ્થળ જેવા કે, ગોપીતળાવ તથા રેલ્વે સ્ટેશનની અંદર તથા આસપાસના વિસ્તારમાં નાગરિકો તેમજ પશ્ચિમ રેલ્વેના અધિકારી, કર્મચારીઓ સાથે સુરત મહાનગરપાલિકાના સંકલનમાં રહી ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરી ૧૦૫ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે જે દરમ્યાન કુલ ૨૪ નાગરિકો સાથે પશ્ચિમ રેલ્વેના અધિકારીગણ તેમજ સુરત મહાનગરપાલિકાના ૧૩ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૬૮ સફાઈ કામદારોએ હાજર રહી કુલ સંખ્યા ૧૧૨ સફાઈ ઝુંબેશમાં ભાગ લઈ સ્વચ્છતાના શપથ ગ્રહણ કરી ગોપીતળાવના પ્રાંગણમાં તેમજ રેલ્વે સ્ટેશનના વિસ્તારમાં  સફાઈ ઝુંબેશ કરેલ છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૬૯૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૫૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૯૦ કરદાતાઓ પાસેથી રૂા.૨૫,૮૩,૫૫૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૫૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૬૭ એન્ટ્રીમાં રૂા.૩,૭૧,૯૬૪/– અને આર.સી.ની ૯૦ એન્ટ્રીમાં રૂા.૪,૯૭,૨૩૦/– મળી કુલ રૂા.૮,૬૯,૧૯૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૨૦/– રીન્યુઅલની ૧૬ એન્ટ્રીમાં રૂા.૯૨૦/– અને દંડની રકમની ૧૬ એન્ટ્રીમાં રૂા.૨૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : પારસ માર્કેટ, સીંગણપોર માર્કેટ થી સીંગણપોર ચાર રસ્તા તથા ગજેરા સ્કુલ સામેથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૮, બંધ લારી–૦૧ તથા અન્ય–૦૮ જપ્ત કરવામાં આવેલ છે.

૧૧૫૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

**(૧)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં. ૩૧૧૨/અ, મૃગવાન ટેકરો , બેગમપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ વધારાના માળનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, આજે તા.૨૦/૦૯/૧૬ થી સદરહુ મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા કોલમ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

**(૨)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં. ૩૯૯૬, બમનજીની શેરી, રૂઘનાથપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, માર્જીનવાળા ભાગમાં આશરે ૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પ્રોજેકશન, બીમ સહિત તથા પાંચમાં માળે આશરે ૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા આશરે ૬૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ આજે તા.૨૦/૦૯/૧૬ થી અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૧૯/૦૯/૧૬ના રોજ દરેક પ્રવાસન સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાન તથા સ્વચ્છતા સ્વયંસેવકોનું નામાંકન અંગેની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૧૯/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમા દરેક પ્રવાસન સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાન તથા સ્વચ્છતા સ્વયંસેવકોની સંયુકત ટીમો બનાવી ઘનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| પ્રવાસન સ્થળની કુલ સંખ્યા | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર/ હાજર રહેનાર | | | | શપથ ગ્રહણ કરેલ ની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | નાગરિકોની સંખ્યા | સુપરવાઈઝર ની સંખ્યા | સુપરવાઈઝર ની સંખ્યા | છંટકાવ કરવામાં આવેલ જંતુનાશક દવા (કિ.ગ્રા.) | |
| 11 | 188 | 24 | 82 | 86 | 155 |

વધુમાં દરેક પ્રવાસન સ્થળો ઉપર સ્વચ્છતા અંગે તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૧૭/૦૯/૧૬ના રોજ ડ્રાય ડે (વાહક જન્ય રોગ નિયંત્રણ)ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવામાં જણાવેલ હતું.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૧૭/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીકની ધનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24288 | 57566 | 260 | 10025 | 903 | 1252 | 95 | 36000 | 57 | 30362 | 11093 |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા ખાનગી ઈજારદારાના સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફ સહિત કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં. ૨૪ (ટુંકી) ફા.પ્લોટ નં. ૬૫ થી નોંધાયેલ અને વેડ રોડ અટલજીનગરની પાસે આવેલ સહયોગ ઈન્ડ. સોસાયટીના સબ પ્લોટ નં. ૧૪ અને ૧૫ માં આશરે ૩૦' × ૧૦' ના માપ વિસ્તારમાં મિલ્કતદાર ધ્વારા મંજુરી વિના બાંધકામ શરૂ કરેલ. જે અંગે અત્રેથી વારંવાર સ્થળ પર બાંધકામ બંધ કરાવવા છતાં મિલ્કતદારે બાંધકામ ચાલુ રાખતા અત્રેથી બીજા અને ત્રીજા માળે આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલો સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર પાસેથી રૂા............../– વહીવટી/સી.ડી. ચાર્જ તથા ડીપોઝીટ વસુલ કરવામાં આવેલ છે.

૧૧૬૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્ને તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૨૦/૦૯/૧૬ના રોજ રેલ્વે સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશ તથા સ્વચ્છતા શપથ લેવડવવા અંગેની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવલ છે.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૨૦/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ રેલ્વેસ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશ તથા સ્વચ્છતાના શપથ લેવડાવી તેમજ રેલ્વે સ્ટેશન અંદર તથા બહારના ભાગે સંયુકત ટીમો બનાવી ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| રેલ્વે સ્ટેશન ની સખ્યાં | રેલ્વેના અધિકારીની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારોની સંખ્યા | શપથ ગ્રહણ કરેલની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| 11 | 48 | 22 | 89 | 83 | 120 |

વધુમાં રેલ્વે સ્ટેશન પરના મુસાફરોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપી કચરાપેટીની ગોઠવણી અંગે સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૧૬૪

# :: પ્રેસનોટ ::

## ''<u>સુરત મહાનગરપાલિકા આયોજીત ભજન સ્પર્ધા</u>''

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના ૩૦ વર્ષથી વધુ વયના ભાઈઓ–બહેનોની ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને  વિના મૂલ્યે નિમંત્રણ છે.

૧૧૬૫

# –: પ્રેસનોટ :–

## ''નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ''

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૧૦/૨૦૧૬ થી તા.૧૧/૧૦/૨૦૧૬ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં **તા.૦૭/૧૦/૨૦૧૬ના રોજ શેરીગરબા સ્પર્ધા**નું આયોજન સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવેલ છે. શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તથા શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

૧૧૬૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૦.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૨૫૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૬.૭૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન (ખાડા) **૩૪૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૧૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના)માં મોજે–ઉધના, રે.સ.નં. ૪૨+૪૩, સત્યનગર ખાતે બ્લોક નં.૩, સુરત–નવસારી મેઈન રોડ, ૩૦૦ ચો.ફુટમાં સ્ટીલ ફેબ્રિકેશનનું ટેમ્પરરી સ્ટ્રકચરનું ડીમોલીશન કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪ ,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૩૨,૯૩,૨૫૫**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૨૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૮.૪૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૯.૮૨** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૩૫૩**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૦૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૭૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૪૯૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૫૮૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૨૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૪૩ કરવામાં આવેલ છે. જયારે **૪૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૬૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૧/૦૯/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૫૨/એ/બી, બ્લોક નં.૧૫૧, શુભલક્ષ્મી સ્વસ્તિક સોસા. માં આશરે ૧૭૫ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા),ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૮, પરમાનંદ સોસા. પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં ૩૨૦૦ ચો.ફુટનું પ્લીન્થ બીમ અને મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તેમજ ૧.૭૫ ટન સ્ટીલ અને સેન્ટ્રીંગનો સામાન જપ્ત કર્યો છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૧૬૮

# <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.**

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૧૨(બાર)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૪ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો  બારમોમેડીકલ કેમ્પતા.૨૪/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ ડુમસ શહેરી આરોગ્ય કેન્દ્ર, ડુમસ પોલીસ સ્ટેન્ડ સામે, સુલતાનાબાદ, સુરત.ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

૧૧૬૯

# <u>પ્રેસનોટ</u>

સુરતઃ—સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માનનીય ડે.કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં આજરોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન ઉમરવાડા—૧ અને ૨ ના વિસ્તાર કિન્નરી ૮૦ ફુટ રોડ થી ઉધનાસંઘ ખાડી પુલ સુધીના વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ તથા આકાણરી વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર—<u>૦૧</u>, આસી.જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક—૦૨, જુ./આસી.ઈજનેર—<u>૦૫</u> તેમજ સુપરવાઈઝર સ્ટાફ—<u>૧૮</u> અને <u>૩૫</u> સફાઈ કામદાર/ બેલદાર દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલઃ— <u>૬.૫ મેટ્રિક ટન</u> નિકાલ કરાવવામાં આવ્યો હતો. ૦૨ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ચેક કરી <u>૦૧</u> નોટીસ આપવામાં આવેલ છે. વોર્ડ દ્વારા <u>૧૦</u> પાણીના સેમ્પલ ચેક કરવામાં આવેલ છે. આંગણવાડી—<u>૦૧</u> તેમજ શૈક્ષણિક સંસ્થા—<u>૦૧</u> ની આજુબાજુ સાફ—સફાઈ કામગીરી કરવામાં આવી હતી. તેમજ ઉમીયા માતા મંદીરની આજુ—બાજુ સાફ—સફાઈની કામગીરી કરવામાં આવેલ છે. <u>૧.૫ કિ.ગ્રા.</u> પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ, તેમજ <u>૧૨</u> હોટલ રેસ્ટોરન્ટ ચેક કરી <u>૦૪</u> કિ.ગ્રા.અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. ડ્રેનેજના મેન હોલની, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના <u>૦૮</u> ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તાધારા વિભાગ દ્વારા <u>—૦૬</u> સંસ્થાની નોંધણી કરી, <u>૧૯,૫૦૦/—</u> પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ન્યુસન્સ કરતી સંસ્થાઓને <u>૦૨</u> નોટીસ આપી <u>૧૫</u> ઈસમો પાસેથી <u>રૂા.૩૯૦૦/—</u> વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે તેમજ <u>૦૧</u> બિસ્કીટ—ફરસાણની સંસ્થા પરવાના વગર હોવાથી બધં કરાવેલ છે. **આકારણી વિભાગ દ્વારા <u>રૂા.૧૭,૦૦૦/—</u> વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.**

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન—જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી <u>કુલ — ૦૩ નોટીસ આપી, કુલ—૧૫ ઈસમો પાસે રૂા.૨૦,૯૦૦/— નો વહીવટી ચાર્જ</u> કરવામાં આવ્યો હતો.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૪૧૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૨૫ કરદાતાઓ પાસેથી રૂા.૪૭,૬૮,૭૭૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૩૦૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦૧ એન્ટ્રીમાં રૂા.૪,૫૮,૬૩૫/– અને આર.સી.ની ૧૦૧ એન્ટ્રીમાં રૂા.૪,૨૯,૭૧૫/– મળી કુલ રૂા.૮,૮૮,૩૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– રીન્યુઅલની ૨૭ એન્ટ્રીમાં રૂા.૧૫૦૦/– અને દંડની રકમની ૧૨ એન્ટ્રીમાં રૂા.૫૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

૧૧૭૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૨૧/૦૯/૧૬ના રોજ બધા મુખ્ય બસસ્ટોપ, સેન્ટ્રલ બસડેપો, બીઆરટીએસ સહીતના બસ સ્ટોપ ખાતે સાફ–સફાઈ અભિયાન તથા સ્વચ્છતા શપથ લેવડવવા અંગેની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

"સ્વચ્છ અને સ્વસ્થ ભારત" અંતર્ગત તા.૨૧/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા આવેલ મુખ્ય બસસ્ટોપ, સેન્ટ્રલ બસડેપો, બીઆરટીએસ સહીતના બસ સ્ટોપની અંદર તેમજ આજુબાજ સફાઈ અભિયાનની સંયુકત ટીમો બનાવી ઘનિષ્ઠ કામગીરી કરાવવામાં આવેલ હતી.તેમજ તેઓ પાસે સ્વચ્છતા બાબતેની શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| બસ ડેપોની સંખ્યા | બી.આર.ટી.એસ બસ સ્ટોપની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારોની સંખ્યા | શપથ ગ્રહણ કરેલ વ્યકિત ની સંખ્યા | જંતુનાશક દવા(કિ.ગ્રા.) | નિકાલ કરેલ કચરો(મે.ટન) |
|---|---|---|---|---|---|---|
| 41 | 60 | 90 | 267 | 499 | 1078 | 5.471 |

વધુમાં મુખ્ય બસસ્ટોપ, સેન્ટ્રલ બસડેપો, બીઆરટીએસ સહીતના બસ સ્ટોપ પ્રવાસીઓને સ્વચ્છતા અંગેની સમજ આપી આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૧/૦૯/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૫૨/એ/બી, બ્લોક નં.૧૫૧, શુભલક્ષ્મી સ્વસ્તિક સોસા. માં આશરે ૧૭૫ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા),ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૮, પરમાનંદ સોસા. પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં ૩૨૦૦ ચો.ફુટનું પ્લીન્થ બીમ અને મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તેમજ ૧.૭૫ ટન સ્ટીલ અને સેન્ટ્રીંગનો સામાન જપ્ત કર્યો છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા કરવામાં આવેલ છે.

૧૧૭૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૧.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૧ લોકેશન (ખાડા) ૬૧૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૦.૦૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૩૯૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૧૯૯૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૫૨/એ/બી, બ્લોક નં.૧૫૧, શુભલક્ષ્મી સ્વસ્તિક સોસા. માં આશરે ૧૭૫ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા),ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૮, પરમાનંદ સોસા. પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં ૩૨૦૦ ચો.ફુટનું પ્લીન્થ બીમ અને મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તેમજ ૧.૭૫ ટન સ્ટીલ અને સેન્ટ્રીગનો સામાન જપ્ત કર્યો ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪ ,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૨૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૬.૬૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૩.૭૪** લાખ થયેલ છે., ૦૯ EC તથા ૦૩ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૭૩૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** **૩૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૬.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૬૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૨૮૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૫૯૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૧૭** કરવામાં આવેલ છે. જયારે **૫૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૧૭૪

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**દબાણ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજે તા.૨૨/૦૯/૨૦૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર ખપાટીયા ચકલાં ચાર રસ્તા થી ચૌટાપુલ ચાર રસ્તા તેમજ ચેતના રેસ્ટોરન્ટવાળી ગલી, મોટા મંદિરની ગલી, સાહેલીની ગલી તેમજ ચૌટાપુલની આજુ–બાજુ લાગુ ગલીઓમાં જાહેર રસ્તા ઉપર દુકાનદારો તેમજ લારી ગલ્લાવાળા તથા ફેરિયાઓ દ્વારા લાગુ રસ્તા તથા દુકાનોની બહાર માલ સામાન મૂકી દબાણ કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફીકની ઘણી સમસ્યા ઉભી થાય છે, જે અન્વયે સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેર–૦૩, જુની./આસી.ઈજનેર–૦૧, ટેક.આસી.–૦૧, બેલદાર/દબાણ વિભાગનો સ્ટાફ–૧૨, સુરત મહાનગરપાલીકાના વોચ એન્ડ વોર્ડ વિભાગના તાલીમાર્થી માર્શલ લીડર–૦૧, તાલીમાર્થી માર્શલ–૧૦, ટ્રક/મઝદા–૦૨ મળી **કુલ–૩૦ સ્ટાફના** સહયોગથી દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોકત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ધ્વારા માલ–સામાન મૂકી કરવામાં આવેલ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહુ કામગીરી દરમ્યાન નીચે મુજબનો સામાન જમા લેવામાં આવેલ છે.

(૧) લાકડાંના ટેબલ–૦૧

(૨) લોખંડના ટેબલ–૦૫

(૩) એંગલ ટેબલ – ૦૩

(૪) પ્લાય ટેબલ–૦૧

(૫) પ્લાસ્ટીકના ટેબલ– ૧૨

(૬) કાઉન્ટર– ૦૨

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૧૪૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૫૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૫૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૭૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૪૫ કરદાતાઓ પાસેથી રૂા.૫૫,૪૩,૩૨૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૩૦૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૯૧ એન્ટ્રીમાં રૂા.૩,૮૩,૭૦૭/– અને આર.સી.ની ૧૧૪ એન્ટ્રીમાં રૂા.૩,૯૫,૭૯૦/– મળી કુલ રૂા.૭,૭૯,૪૯૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૪૦/– રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૭૨૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા કતારગામ મેઈન રોડથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૪ તથા અન્ય–૦૮ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1175
તા.૨૨/૦૯/૨૦૧૬

# પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા દ્વારા તા. ૨૨.૦૯.૨૦૧૬ નાં રોજ "સોલાર ઇક્વિનોક્ષ" નાં દિવસે બિન પરંપરાગત ઊર્જાસ્ત્રોત તરીકે સોલાર રૂફટોપ સીસ્ટમ દ્વારા સૌરઊર્જા વપરાશની પદ્ધતિ સુરત શહેરમાં વિક્સવવાની યોજનાનો શુભારંભ**

ભારત દેશનાં આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત દેશને "સોલાર દેશ" તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધતા દર્શાવેલ છે. શહેરીજનો પોતાના મકાન / ધાબા પર બિન પરંપરાગત ઊર્જાસ્ત્રોત તરીકે રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સહેલાઈથી સ્થાપિત કરી શકે અને તેમાંથી ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ પોતાના રહેણાંક / પોતાની સંસ્થામાં કરી વીજ બચત કરી શકે તે માટે સુરત મહાનગર પાલિકાએ સોલાર ક્ષેત્રે કાર્ય કરતી રાજ્ય સરકારની નોડલ એજન્સી ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (GEDA) ની સાથે રહી તા. ૨૨.૦૯.૨૦૧૬ નાં રોજ "સોલાર ઇક્વિનોક્ષ" હોય તે દિવસથી સુરત શહેરમાં ઘરે ઘરે રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત થાય તે યોજનાનો શુભારંભ કરેલ છે. આજરોજ નીચેના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ / ઉદ્ઘાટન મા. મેયરશ્રીનાં વરદ હસ્તે સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવેલ.

1) રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવા અંગેની અરજી સ્વીકારવાની યોજનાનો શુભારંભ.
2) માહિતીસભર સોલાર વેબસાઈટ તેમજ મોબાઈલ એપનું અનાવરણ.
3) સોલાર ગાઈડબુકનું વિમોચન.
4) "સોલાર મિત્રો" ની નિમણૂક.
5) "સોલાર એકઝીબ્યુશન" નું ઓપનિંગ.

સદર કાર્યક્રમમાં મા. ધારાસભ્યશ્રીઓ, ચેરમેનશ્રી ગુજરાત હાઉસિંગ બોર્ડ, ડેપ્યુટી મેયરશ્રી, ચેરમેનશ્રી સ્થાયી સમિતિ, ચેરમેનશ્રી લાઈટ એન્ડ ફાયર એક્ષ. સમિતિ તથા વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, રાજ્ય સરકારની ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સીનાં પ્રતિનિધિ, સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, ભારત સરકારનાં એડી. જનરલ મેનેજરશ્રી, ડાયરેક્ટરશ્રી ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઇન્સ્ટીટયુટ, ન્યુ દિલ્લી, વિવિધ વિજ વિતરણ કંપનીઓનાં પ્રતિનિધિશ્રીઓ, સુરત સોલાર સ્ટેક હોલ્ડર કમિટીના અગ્રણી પ્રતિનિધિઓ તેમજ નિયુક્ત પામેલ "સોલાર મિત્રો" વિગેરે ઉપસ્થિત રહેલ.

અત્રે જણાવવાનું કે, રાજ્ય સરકારની સોલાર એજન્સી ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી દ્વારા રહેણાંક સેક્ટર માટે પ્રતિ કિલો વોટ રૂ. ૬૯,000 નિયત કરેલ છે જેમાં કેન્દ્ર સરકારની 30 % સબસીડી પેટે રૂ. ૨૦,૭00 તેમજ રાજ્ય સરકાર તરફથી પ્રતિ કિલોવોટ રૂ. ૧0,000.00 તેમજ મહત્તમ

રૂ. ૨૦,૦૦૦ સબસીડી ઉપલબ્ધ થશે. આમ, શહેરીજનોને પ્રતિ કિલો વોટ દીઠ કુલ રૂ. ૬૯,૦૦૦ નાં ખર્ચની સામે કુલ રૂ. ૩૦,૭૦૦.૦૦ ની સબસીડી મળવા પાત્ર થશે.

શહેરીજનો સદર યોજના થકી પોતાના ઘરે રૂફ્ટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે **www. suratsolar.suratmunicipal.gov.in** પર લોગઓન કરીને ઓનલાઈન અરજી સબમિટ કરી શકશે. સુરત મહાનગર પાલિકા દ્વારા આ પ્રકારે તા. ૨૨.૦૯.૨૦૧૬ થી તા. ૩૧.૧૦.૨૦૧૬ સુધી અરજીપત્રક સ્વીકારવામાં આવશે. સુરત મહાનગર પાલિકા દ્વારા આ પ્રકારે મેળવવામાં આવેલ અરજીઓને એકત્રિત કરી રાજ્ય સરકારની નોડલ એજન્સી ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી – ગાંધીનગર ખાતે મોકલાવવામાં આવશે અને ત્યારબાદ ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી દ્વારા નિર્ધારિત કરેલ વિવિધ સોલાર ઉત્પાદકો દ્વારા સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાની તમામ કામગીરી કરવામાં આવશે.

મા. મેયરશ્રી દ્વારા સુરતનાં શહેરીજનોને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર માટે આ યોજના માટે મળવાપાત્ર થતી વિવિધ સબસીડી વિષે તેમજ સોલારનાં વપરાશથી પર્યાવરણલક્ષી થતા ફાયદાઓથી માહિતગાર કરેલ. જેનો મહત્તમ લાભ શહેરીજનો લઇ વધુમાં વધુ સંખ્યામાં ઘરે ઘરે રૂફ્ટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે અનુરોધ કરેલ તેમજ સાયન્સ સેન્ટર ખાતે તા. ૨૨.૦૯.૨૦૧૬ અને તા. ૨૩.૦૯.૨૦૧૬ સુધી આયોજિત "સોલાર એક્ષિબિશન" નો પણ લાભ જાહેર જનતાને લેવા અનુરોધ કરેલ છે.

# PRESS NOTE

# "Solar Equinox Day": A Mega Event on Rooftop Solar Energy for Surat Smart City

In-order to meet the 40GWp rooftop solar aim set by the Ministry of New and Renewable Energy (MNRE), Government of India (GOI) by 2022, and target perceived by the Gujarat Energy Development Agency (GEDA), Government of Gujarat to install rooftop solar PV power plants in 1,00,000 households in the state of Gujarat; Surat Municipal Corporation (SMC) is going to shoulder aforesaid initiative through a mega-launch of "Solar Equinox Day" on September 22$^{nd}$ 2016 in Auditorium Hall, Science Centre, City Light, Surat, Gujarat.

During this inauguration programmes, MLAs of Surat Smart City, Chairman of Gujarat Housing Board, Deputy Mayor, Surat Municipal Corporation (SMC), Chairman (Standing Committee), Chairman (Light & Fire Ext. Committee), Chairman of Different Committees of SMC, Representative of GEDA, Addl. General Manager of SECI Limited, Director of TERI, Representatives of Torrent Power Limited (TPL) and Dakshin Gujarat Vij Company Limited (DGVCL), Members of Solar Stakeholders Committee, Members of various Industry Associations etc.

Today, during the auspicious "Solar Equinox Day", Hon'ble Mayor of Surat Municipal Corporation (with aforementioned dignitaries) has inaugurated this topical event through the official launching of following first-of-kind ICT initiatives and other promotional materials to promote rooftop solar in the City of Surat:

- Starting to receive Online Application Forms for Roof Top Solar Power Plants
- Launching of Informative Solar web site and mobile App.
- Launching of solar Guide Book on Rooftop Solar Energy;
- Engagement of 'Solar Friends' across the City, and
- Opening of Solar Exhibition.

For residential sector, GEDA has discovered INR 69,000 per kWp through open tender for installation of rooftop solar in the state of Gujarat. Out of that INR 20,700 (i.e., 30%) will be provided by the MNRE, Govt. of India and additional INR 10,000 would be provided by the GEDA, Govt. of Gujarat. Therefore, out of the total cost of 69,000 for 1 kWp, INR 30,700 of subsidy will be available to the residential sector within Surat.

Citizens of Surat (including Residential, Institutional, Commercial, Industrial, Govt. offices, societies etc.) can log into www.suratsolar.suratmunicipal.gov.in to submit their applications from today till October 31st, 2016. Then, SMC will aggregate all those applications received by October 31st and will be forwarded to the GEDA. Further installation work will be carried-out by the empaneled agencies under GEDA and SECI.

Mayor of Surat Municipal Corporation emphasized on climate change, and benefits of solar energy to mitigate the environmental pollution. Mayor has also indicated the subsidy available to 'Suratis' from the Central and State Government. Mayor further urged the citizens of Surat Smart City to utilize the maximum benefits of this subsidy and install rooftop solar power plants across the city. Mayor has also requested the citizens of Surat (including youth) to visit the 'Solar Exhibition' organized at the Science Centre to understand more benefits of solar energy from Sept. 22-23rd.







૧૧૭૭

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ભજન સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ રંગારંગ કાર્યક્રમો સાથે જુદી જુદી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ ૨૫ મંડળોના **૩૦ વર્ષથી વધુ વયના** ૨૨૦ જેટલા ભાઈઓ–બહેનોએ ભાગ લઈ ભાવસભર ભજનો પ્રસ્તુત કર્યા હતા. ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને વિશેષઃ શ્રીકૃષ્ણના ભજનો રજુ કરી ઉપસ્થિતો શ્રોતાઓને ભકિતરસમાં તરબોળ કર્યા હતા. સ્પર્ધાને અંગે નીચે મુજબની સંસ્થાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| **પ્રથમ** | સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર |
| **દ્વિતીય** | ગીત ગુંજન |
| **તૃતીય** | શ્રી ગુરૂદેવ સંગીત વિદ્યાલય |
| **આશ્વાસન** | પુનમભાઈ બી. ઝાલા |
| | શ્રીજી ભજન મંડળ |
| | કરમેશ્વર મહાદેવ ભજન મંડળ |

ભજન સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરતાં પહેલાં માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયાએ આપણી ભારતીય સંસ્કૃતિને જીવંત અને ધબકતી રાખવા સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં ભાગ લેવા બદલ અભિનંદન આપી આગામી નવરાત્રિ પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર કાર્યક્રમોમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી. તો સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લેવા બદલ ભાગ લેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, નિર્ણાયકશ્રીઓ સહિત સંગીતપ્રેમી નગરજનોએ ભજનોને માંણવા સાથે વિજેતાઓને ટ્રોફી વીથ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. ભજન સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. નિર્ણાયક તરીકે સર્વશ્રી જય મહંત તુલસીદાસ અને શ્રી પ્રવિણભાઈ પરમારએ સેવા આપી હતી.

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૨.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૧ લોકેશન (ખાડા) ૫૫૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૮.૯૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન (ખાડા) **૨૯૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા), ખટોદરા સબજેલ, મનીલા ડાઈંગ પાસે ટી.પી.રસ્તા પર દબાણ રૂપે કોલસાના ઢગલા ઉપાડવાની કામગીરી કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જપેટે રૂા.૨૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે., તથા  સાઉથ ઝોન (ઉધના) માં ડ્રા.ટી.પી. રસ્તામાં નડતરરૂપ ૧૯ રૂમોમાં ડીમોલીશન કરી ૩૦૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૪૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૩.૧૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૧.૨૧** લાખ થયેલ છે., ૦૯ EC તથા **૧૦** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૭૬**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૫.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૦૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૬૦૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૩૦૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૭૬ કરવામાં આવેલ છે. જયારે **૫૫** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૧૭૯

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૧/૦૯/૨૦૧૬ થી તા.૨૩/૦૯/૨૦૧૬ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ અને દુધના ફેરીયાઓનું ચેકીગ કરી, દુધના સેમ્પલો લીધેલ છે. જેને પૃથ્થકરણ સારૂ આર.એફ.એલ. ભુજ અને રાજકોટ મોકલી આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ | લીધેલ નમુનાની વિગત |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી. | ઝીન કમ્પાઉન્ડ ખાંડ બજાર,સુરત. | ભેંસનું દુધ |
| ૨ | ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી. | અંબાજી રોડ,સુરત. | ભેંસનું દુધ |
| ૩ | ચોયાસી ડેરી(ફેરીયો) | વાડી ફળીયા મેઈન રોડ,સુરત. | ભેંસનું દુધ |
| ૪ | ચોયાસી ડેરી(ફેરીયો) | અંબાજી રોડ,સુરત. | ભેંસનું દુધ |
| ૫ | સંયદ જમાર મયુઉદ્દી કરીમ | મકકાઈ પુલના નાકે, અડાજણ પાટીયા, સુરત. | ભેંસનું દુધ |
| ૬ | મૌલીક કમલેશભાઈ ભંડારી | વૃષભ ટાવર, અડાજણ,સુરત. | ભેંસનું દુધ |
| ૭ | ભનુભાઈ પાચાભાઈ ભડવાર | પોડાર આર્કેટ, વરાછા રોડ,સુરત. | ભેંસનું દુધ |
| ૮ | દિનેશભાઈ મોહનભાઈ ભરવાડ | ચીકુવાડી સી.એન.જી. પંપ પાસે વરાછા,સુરત. | ભેંસનું દુધ |
| ૯ | મેપાભાઈ મેળાભાઈ ભરવાડ | પોડાર આર્કેટ, વરાછા રોડ,સુરત. | ભેંસનું દુધ |
| ૧૦ | ચંદુભાઈ પટેલ | લો લેવલ બ્રીઝ પાસે,અડાજણ,સુરત. | ભેંસનું દુધ |
| ૧૧ | લક્ષ્મણભાઈ સરમનભાઈ અટોદરા | વિજય ડેરી પાસે, અડાજણ, સુરત. | ભેંસનું દુધ |
| ૧૨ | સુમુલ ડેરી | સ્ટેશન રોડ,સુરત. | અમુલ ગોલ્ડ પાસ્યુરાઈઝડ ફુલ ક્રિમ મિલ્ક |
| ૧૩ | સુમુલ દુધ | પુના ગામ, સુરત. | સુમુલ પાસ્યુરાઈઝડ ગાયનું દુધ |
| ૧૪ | રામદેવ પ્રોવિઝન સ્ટોર | હરીધ્વાર સોસા., કતારગામ, સુરત. | અમુલ તાજા મિલ્કી મિલ્ક પાસ્યુરાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૧૫ | વિશાલ આકાશ ઘી સેન્ટર | હરીપુરા, સુખડીયા શેરી, ભાગળ, સુરત. | અમુલ શકિત મિલ્કી મિલ્ક પાસ્યુરાઈઝડ મિલ્ક |
| ૧૬ | વિજય ડેરી | જે પી નગર મકકાઈ પુલ પાસે અડાજણ સુરત. | ભેંસનું દુધ |
| ૧૭ | સુરાભાઈ બીજલભાઈ | પોડાર આર્કેટ, વરાછા રોડ,સુરત. | ભેંસનું દુધ |

| | | | |
|---|---|---|---|
| | ભરવાડ | | |
| ૧૮ | સરદાર ડેરી એન્ડ સ્વીટ | દુ.૧૧,શ્રી લંબે હનુમાન કો.ઓ. સોસા. એલ.એચ.રોડ, સુરત. | મધુરમ તાઝા પાસ્યુરાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૧૯ | સ્નેહા મિલ્ક સેલ્સ | શ્રી નાથજી સોસા. કારગીલ ચોક પુણાગામ,સુરત. | જી એમ પી સુપરીમ ગોલ્ડ પાસ્યુરાઈઝડ હોમોનાઈઝડ મિલ્ક |
| ૨૦ | સુકલા ડેરી | સાઈબાબા મંદિર રતન ચોક,સુરત. | શ્રી ગોકુલમ હોમોનાઈઝડ પાસ્યુરાઈઝડ ટોન્ડ મિલ્ક |
| ૨૧ | લક્ષ્મી ડેરી | બિલીયા નગર ડીંડોલી | શ્રી ગોકુલમ રીચ ફુલ ક્રિમ મિલ્ક |

૧૧૮૦

# પ્રેસનોટ

## '' સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન ''

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૨૯/બી/૨ માં આવેલ આસ્તિકનગર સોસાયટી વિભાગ–૫ માં સબ પ્લોટ નં.૨૦,૨૧ નાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર ત્ર એક માળની મિલ્કત ઉપર બીજો માળ બાંધવાનું ચાલું કરવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરી દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. મિલ્કતદારો / કબ્જેદારોને બાંધકામ ન કરવા કડક ચેતવણી પણ આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો દ્વારા બાંધકામને ચાલુ રાખી બીજા માળે આર.સી.સી.સ્લેબ તથા ચણતરકામ સુરત મહાનગરપાલિકાની કોઈ પણ જાતની મંજુરી વગર કાસ્ટ કરી દેવામાં આવેલ. જે સામે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૨૩/૦૯/૨૦૧૬ નાં રોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે બીજા માળનાં સ્લેબનું ડિમોલીશન ચાલું કરેલ. ડિમોલીશન અંતર્ગત આશરે ૮૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી.સ્લેબ તથા આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલું ચણતર દુર કરવામાં આવેલ. તથા મિલ્કતદાર / કબ્જેદાર પાસેથી રૂા.૨૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ.

ઉપરોકત કામગીરીમાં લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, આસી./જુની.ઈજનેરો, દબાણ ખાતાનાં સુપરવાઈઝર સહિત ૧૫ બેલદારોની ટીમ રોકાયેલ. અને ૦૨–બ્રેકર મશીનની મદદથી કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

૧૧૮૧

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા), એફ.પી.૩૫૮,પરમાનંદ ઈન્ડ.સોસાયટી પ્લોટ નં.૨૬,૨૭ ખાતે ૬૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૧૮૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૨૨/૦૯/૧૬ના સાયન્સ સેન્ટર, પ્લેનેટોરીયમ ,એમ્ફી થીયેટર ખાતે સફાઈ અભિયાન તથા સ્વચ્છતા શપથ લેવડવવા અંગેની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતુ.

જે અંતર્ગત તા.૨૨/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલા સાયન્સ સેન્ટર,પ્લેનેટોરીયમ, એમ્ફી થીયેટર ખાતે સફાઈ અભિયાન કરી શપથ લેવરાવ્યા બાદ સફાઈ અંગે બહોળો પ્રચાર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| સાયન્સ સેન્ટર અને પ્લેનેટોરીયમની સંખ્યા | એમ્ફી થીયેટરની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | શપથ ગ્રહણ કરેલ વ્યકિતની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) | નિકાલ કરેલ કચરો(મે.ટન) |
|---|---|---|---|---|---|---|
| 1 | 23 | 26 | 67 | 271 | 248 | 1.002 |

વધુમાં સાયન્સ સેન્ટર,પ્લેનેટોરીયમ, એમ્ફી થીયેટર ખાતે સફાઈ તથા સ્વચ્છતા અંગેની સમજ આપી આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૧૮૩

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૬/૦૯/૨૦૧૬ થી તા.૨૨/૦૯/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૪,૮૯૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૨૨.૯૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૪.૫૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૮૫ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૯,૧૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૬,૫૯૫ અને ૩,૧૦૦ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૯૦,૯૦૦/– અને રૂા.૧,૧૪,૮૨૦/– રકમ મળી કુલ રકમ રૂા.૨,૦૫,૭૨૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૩૯૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૪૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૮૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૮૮ કરદાતાઓ પાસેથી રૂા.૫૧,૦૩,૩૫૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૩૩૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૩૫ એન્ટ્રીમાં રૂા.૪,૯૫,૨૪૩/– અને આર.સી.ની ૧૦૨ એન્ટ્રીમાં રૂા.૪,૧૮,૦૦૯/– મળી કુલ રૂા.૯,૧૩,૨૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૫ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૪૮૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ ૫૨ લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩૬,૦૩૫/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા અમરોલી સાંઈ એમ્બ્રો તથા ડેરી ફળીયા પાસેથી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૪ તથા અન્ય–૦૭ જપ્ત કરવામાં આવેલ છે.

૧૧૮૫

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૬/૦૯/૨૦૧૬ થી તા.૨૨/૦૯/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૪૬૭૮ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૨૯૯ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૨૭૩ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૯ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૪૮ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૮૩ મેજર ઓપરેશનો તથા ૩૨૦ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૩૧૮૧, સોનોગ્રાફી ૮૩૨, એમ.આર.આઈ. ૧૪૩ તથા સીટી સ્કેન ૧૪૧ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૬૦ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૭૫ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૩૨૮૧૫ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૨૨૫ દર્દીઓ તથા નવા ૯૬ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૧૧૮૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૩.૦૯.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨** ફાઈલના **રૂા.૦.૨૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૯ લોકેશન (ખાડા) ૧૦૦૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૮.૨૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૪** લોકેશન (ખાડા) **૬૫૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૮૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા), એફ.પી.૩૫૮,પરમાનંદ ઈન્ડ.સોસાયટી પ્લોટ નં.૨૬,૨૭ ખાતે ૬૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/**– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૩૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૧.૯૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૬.૩૬** લાખ થયેલ છે., ૦૮ EC તથા ૦૮ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૫૭/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**., ૩૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૯૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૭૦૦/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૨૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૬૩૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૬૧** કરવામાં આવેલ છે. જયારે **૬૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૭,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૧૮૭

## —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૬ (મજુરા–ખટોદરા), એફ.પી.૩૫૮,પરમાનંદ ઈન્ડ.સોસાયટી પ્લોટ નં.૨૬,૨૭ ખાતે ૬૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૮૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૧૮૮

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આજ રોજ (તા.૨૩/૦૯/૨૦૧૬) નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૩૬(વરિયાવ), ફાયનલ પ્લોટ નં.૬૦ માં આવેલ રાધિકા થીયેટરની બાજુમાં આવેલ મિલ્કતમાં મિલ્કતદાર દ્વારા માર્જીનવાળા ભાગમાં ભોંયતળીયા + બે માળમાં આર.સી.સી.સ્લેબ, ચણતર તથા પ્લાસ્ટર કામનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. જે અન્વયે તા.૨૧/૦૨/૨૦૧૪ થી જરૂરી નોટીસો આપેલ. તેમજ તા.૦૮/૦૫/૨૦૧૪ નાં રોજ સદર બાંધકામ દૂર કરેલ. જે બાંધકામમાં ફરીથી સુધારો વધારો કરી બાંધકામ હાલમાં શરૂ કરેલ. જે આજ રોજ ડિમોલીશન કરેલ છે. જેમાં મિલ્કતદારે ભોંયતળીયે તથા પહેલાં માળે લગાવેલ ૭ (સાત) શટર કાઢી નાંખવામાં આવેલ. તેમજ ચણતરની દિવાલો આશરે ૫૦૦ ચો.ફુટ તોડી પાડવામાં આવેલ. તથા પ્રથમ માળે સ્લેબ મહદઅંશે આશરે ૨૫૦ ચો.ફુટ તોડી પાડવામાં આવેલ.

આ કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેર વિકાસના સ્ટાફ, દબાણ વિભાગના સ્ટાફ તથા સિકયોરીટી સ્ટાફ સાથે રાખી કરવામાં આવેલ છે. સદર ડિમોલિશન પેટે મિલ્કતદાર પાસેથી રૂા.૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ મિલ્કતદાર પાસે વસુલ કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન (રાંદેર) ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે.

૧૧૮૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ–૨૦૧૬ અમલમાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મ્યુ.સભ્યશ્રીઓ, પદાધીકારીઓ, આરોગ્ય વિભાગના ચીફ સેનેટરી ઈન્સપેકટર, આરોગ્ય નીરીક્ષક, સોલીડ વેસ્ટ વિભાગના તમામ ઈજનેરો, એસ.બી.એમ સેલ સ્ટાફ, સ્ટેક હોલ્ડર જેવા કે હોટલ રેસ્ટોરેન્ટના સંચાલકો, ટેક્ષટાઈલ માર્કેટના હોદ્દેદારો, કોમર્શીયલ કોમ્પલેક્ષ–મોલનાં સંચાલકો, ડોર ટુ ડોરનાં ઈજારદારો, હોસ્પીટલ, થીયેટરો, પાર્ટીપ્લોટ, મેરેજ હોલના સંચાલકો/પ્રતિનીધીઓને આ બાબતે અવગત કરવા તા.૨૭/૦૯/૧૬ના રોજ સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ, અઠવા લાઈન્સ ખાતે મા.મેયરશ્રી અને મા.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં વર્કશોપનું આયોજન કરેલ છે.

આ વર્કશોપમાં શ્રી ડી. સી. વનકાની(GPCB) ગાંધીનગર, ડો. કે. ડી. યાદવ (SVNIT), ડો. નિહાર ડોકટર ઈકોવીઝન સુરત, શ્રી રાકેશ સોલંકી (NGO) ન્યુ દિલ્હી તથા શ્રી સુહાસ દિક્ષીત (પીરોક્રેટ સીસ્ટમ) નવી મુંબઈ જેવા જાણકાર અને અનુભવી એક્ષપર્ટ દ્વારા સદર કાયદા અંગે વિગતવાર સમજ–સમજુતી આપવામાં આવશે.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૧૯૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૨૭/૦૯/૧૬ના રોજ "વર્લ્ડ ટુરીઝમડે" નિમિત્તે તા.૧૬/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયેતા.૨૩/૦૯/૧૬ના મુખ્ય ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા અભિયાન તથા સ્વચ્છતા શપથ લેવડવવા અંગેની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતુ.

જે અંતર્ગત તા.૨૩/૦૯/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલા મુખ્ય ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા અભિયાન તથા સ્વચ્છતા શપથ લેવરાવ્યા બાદ સફાઈ અંગે બહોળો પ્રચાર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| મુખ્ય ધાર્મિક સ્થળની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | શપથ ગ્રહણ કરેલ વ્યકિતની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) | નિકાલ કરેલ કચરો(મે.ટન) |
|---|---|---|---|---|---|
| 136 | 682 | 83 | 277 | 554 | 4.279 |

વધુમાં મુખ્ય ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા અંગેની સમજ આપી આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સમજ આપવામાંઆવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ@SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.